

૫૭૩૯

શ્રી કચ્છ ભૂપતિ કવિતા.

રચી પ્રસિદ્ધ કરનાર,

જીવરામ અજરામર ગોર.

અમારાં પુસ્તકો.

વાર્તાવિનોદ—પ્રથમ દર્શન—એકાવન ઐતિહાસિક આદિ વાર્તાઓનો અપૂર્વ સંગ્રહ. એમાંથી વાર્તાઓની ઉત્તમ છટા અને રસ સાથે ઉત્તમ નીતિનો બોધ મળે છે, તથા સ્થળે સ્થળે પ્રાચીન કવિઓની ભિન્ન ભિન્ન ભાષાની શ્રેષ્ઠ કવિતા બહુજ પસંદ પડે એવી છે. મહાન્ વિદ્વાનો [કવિઓ, ગ્રાજ્યુએટો, બેરિસ્ટરો ઇ.] તથા પ્રસિદ્ધ પત્રોએ ઉત્તમ અભિપ્રાય આપ્યાછે. કિંમત રૂ. ૧॥ પો. ૦)—॥

ભગવતપિંગળ—(મૂળ કવિશ્રી ઉન્નડજી કૃત) વ્રજ ભાષામાં તેની સંપૂર્ણ વિસ્તારવાળી ગૂજરાતી ટીકા સહિત. ગૂજરાતી ભાષામાં આજ સુધીમાં છપાયલાં તમામ પિંગળો કરતાં આ પુસ્તક ઘણુંજ મોટું અને સરસ છે. પિંગળ શાસ્ત્રના ગણીત સંબંધી ત્રણ રીતિ (**માત્રા**, ગાહા અને **વર્ણ**)ના સંપૂર્ણ ખુલાસા એ પુસ્તકમાં છે, તેથી શિક્ષકની ગરજ વગર કોઇ પણ બુદ્ધિવાન માણસ એ ગ્રંથપરથી અભ્યાસ કરી શકેછે. એ પુસ્તક ભુજ નગરની કવિઓની (બ્રજભાષાની) પાઠશાળામાં શીખવવામાં આવે છે. કવીશ્વર શ્રીદલપતરામ, પ્ર.ભા. પાઠશાળાના અધ્યાપક અને બીજા કવિરાજોએ ઉત્તમ અભિપ્રાય આપ્યા છે. કિંમત રૂા. ૧ પો. ૦)—

ખુશબો કુમારી—(કવિ શ્રી ઉન્નડજી કૃત)—ફારસી બેતો, પંજાબી છંદો, અને હિંદુસ્તાની ગદ્યપદ્ય સાથેની ગૂજરાતી ટીકાવાળી—શૃંગારરસની ઉત્તમ વાર્તા. એવિષે સારા અભિપ્રાયો મળેલા છે. તથા તેની પહેલી આવૃત્તિ તમામ ખપીજવાથી હાલ બીજી આવૃતિ છપાય છે તેની બારઆનાથી ઘટાડીને હાલ કિંમત રૂા. ૦॥ રાખી છે. પો. ૦)—

શ્રી.

કચ્છ-ભૂપતિ કવિતા.

એટલે

કચ્છાધિપતિ શ્રીમન્મહારાજાધિરાજ

મિર્ઝાં મહારાવશ્રી સર ખેંગારજી સવાઈબહાદુર.

જી૦ સી૦ આઈ૦ ઈ૦ વિષેની કવિતા.

"भवतु तव निवासे, निश्चला सिंधुपुत्री,
प्रविशतु भुजदंडे, चंडिका वीरहंत्री;
निवसतु मुखपद्मे, भारती भाव युक्ता,
नचलतु तव चितं, पाद पद्मान्मुरारेः" ॥ १ ॥

સુધારા વધારા સાથે.

આવૃત્તિ ત્રીજી, કોપી ૨૦૦૦

અમદાવાદ.

"આર્યોદય" પ્રેસમાં છપાવી પ્રસિદ્ધ કરી.

સંવત ૧૯૫૦. ઈ૦ સ૦ ૧૮૯૪.

કિંમત એક આનો.

સૂચના.

કચ્છની નિશાળોના વિદ્યાર્થીઓના ગાવા માટે ખાસ કરીને સંવત ૧૯૪૭ ની સાલે આ લઘુ પોથી તૈયાર કરીને તેની પ્રથમાવૃત્તિ મફત વહેંચવા માટે અમે બંને મિત્રોએ છપાવી હતી. તે પ્રમાણે તેની તમામ પ્રતો ખપી જતાં હાલ બીજી આવૃત્તિ કરવાની જરૂર પડી; તે દરમ્યાન કેટલાક ગૃહસ્થો તરફથી એમ સૂચના થઇ કે—"કોઇ પણ સારા માણસે પુસ્તક મફત મંગાવવું એ તેને ભારે પડતું થાયછે." તેમ વળી આ ચોપડીની કિંમત ઠરાવેલી ન હોવાથી તે ઇનામમાં આપવાની પણ સગવડ થઇ શકતી નથી. તે કારણોથી આ આવૃત્તિમાં કિંમત ૧ આનો ઠરાવી છે, તેમ છતાં પહેલી આવૃત્તિની પેઠેજ જેમને મફત મંગાવવા ખુશી હોય, તેમણે પોસ્ટેજ માટે અર્ધાઆનાની ટિકટ મોકલી નીચે સહી કરનાર અમ બે મિત્રોમાંથી ગમે તેની પાસેથી મંગાવી લેવી.

તારીખ ૧ લી ફેબ્રુવારી સને ૧૮૯૩

મોરારજી અજરામર, દ્વિવેદી.
(દેસલપુર—કચ્છ.)
જીવરામ અજરામર; ગોર,
(ભુજનગર—કચ્છ.)

ત્રીજીઆવૃત્તિ.

છેવટના બે (૫૪, ૫૫) છંદ વધારવા સિવાય આ આવૃત્તિમાં કંઈ ફેરફાર કર્યો નથી. તા. ૧—૭—૯૪ ભુજ.

શ્રી.

કચ્છ-ભૂપતિ કવિતા.

મંગળાચરણ-શાર્દૂલવિક્રિડિતછંદ.

દાતા, દીનદયાળ, ભાળ સહુની-ભાવેથી ભાળી જુએ,
ન્યાયી નેટ, નિપૂણ, નાગ નર સૈ, સંભારી દુઃખો ખુએ;
દુષ્ટો દંડ પ્રચંડથી નિશદિને, દુઃખિત જોતો ભમું,
એવા નેક નરેશ ખેશ અથવા, વિશ્વેશને હું નમું. ૧

છંદ ઝૂલણા.

સર્વ વ્યાપી વિભુ સર્વ ત્રાતા પ્રભુ,
સર્વ માતા પિતા સર્વ દાતા!
સર્વ જન જોડી કર માગીએ સ્નેહથી
આપ ખેંગારને સુખશાતા;
ચંદ્ર[૨] કુળ-ચંદ્ર, દેવેંદ્રના[૩] વંશ,

---

૧ આ છંદનો અર્થ રાજા તેમજ પરમેશ્વરને સરખી રીતે લાગુ થાય છે. ૨ મહારાજ શ્રી ચંદ્રવંશમાં છે. ૩ પૂર્વજનું નામ છે

અવતંશ[1] નર–ઈંદ્ર છે ઈંદ્રિ આજે,
ખલકમાં ખેમથી દીર્ઘ આયૂ થઇ,
રાવ ખેંગાર ખાંતે બિરાજે. ૨
સુભગ[2] શોભા શશીવંશ શિરોમણી,
સકળ કળ બુદ્ધિ છે શ્રેષ્ઠ જેની,
નિપુણ નીતિ નિરિક્ષા વળી ન્યાયમાં,
નેકનામી નહિ ન્યૂન તેની;
તિવ્ર તોખાર[3] તલવાર તાતિ અતિ
પાર નહિ તેજ જે તરિત[4] તાજે,
ખલકમાં ખેમથી દીર્ઘ આયૂ થઇ,
રાવ ખેગાર ખાંતે બિરાજે.
આપ અખિલેશ તુજ અખુટ ભંડારથી,
લક્ષ્મી અણપાર, આનંદદાતા!
કીરણો કીર્તિના કોટિ કોટી વિધે,
કચ્છપતિના કરો ઉદય થાતા;
ભારતીનો[5] ભલી ભાતથી ભેદ દે,
ભેદ દે ભાખવા ભકિતકાજે,
ખલકમાં ખેમથી દીર્ઘ આયૂ થઇ,
રાવ ખેંગાર ખાંતે બિરાજે, ૪
ભાઇ જેના ભલા સુજ્ઞ લક્ષ્મણસમા,–

---

૧ માથાનો તોરો અથવા મુકુટ. ૨ સુંદર–સારૂં નસીબ ૩ ઘોડો ૪ તરવું, ચળકવું. ૫ સરસ્વતિનો.

કર્ણજીત્ પ્રીત જળ મીન જેવી,
શૂર, શાણા વળી સારદા જેમણે,–
સતત[1] શ્રદ્ધાથકી સારી સેવી,
માધુભા રાજ્યુવરાજ શોભે સદા,
માનુભા કુઁવર છબિવંત[2] છાજે,
ખલકમાં ખેમથી દીર્ઘ આયૂ થઇ,
રાવ **ખેંગાર** ખાંતે બિરાજે; ૫

સવૈયો.

હોય પુરી શું ભુજંગની[3] અથવા અમરાપુરી એહ બણી છે?
મે'લ મહીપ તણો રમણીય કે રમ્ય હવેલી સુરેશતણી છે?
રાજસમાજ દીસે ભુજનો કે સભા સુરરાજ બણી બમણી છે?
ચંદ્રતણા કુળ–ચંદ્ર ખેંગાર નરેંદ્ર, કે ઇંદ્ર ત્રિલોક ધણી છે? ૬

છંદ તોટક.

જગદીશ્વર તું જગનો કરતા,
ભરતા, હરતા, દુખ સંહરતા;
સુખ આપ સદા કહીએ ભજીને,–
યદુવંશ નરેશ ખેંગારજીને. ૭
શુભ નીતિ, સુરીતીથી રાજ કરે,
નિજ રૈયતથી અતિ પ્યાર ધરે;

---

૧ નિરંતર. ૨ કાંતિમાન. ૩ સર્પની પુરી–ભુજ(ઙું નગર).

શુભ સાજ સદા અરપો સજ્જને,
યદુવંશ નરેશ ઍંગારજીને. ૮

કરી રૈયતના સુખ સાજ સદા,
હરતા દુખ દીન તણા સુમુદા[1];
નૃપ અન્ય નમે મદને તજીને,-
યદુવંશ નરેશ ઍંગારજીને. ૯

વિદવાનનોં ચાહ કરે ચિતથી,
વળીં દાન સુમાન કરે વિતથી;
રિધિસિદ્ધિ દિયો કહું રામજીને,
યદુવંશ નરેશ ઍંગારજીને. ૧૦

દોહરો.

કવિમુખ ગોમુખ[2] ગંગ છે. યશ ઍંગાર સલીલ[3];
રજનીં[4]દિવસ ધારા વહી, પ્રસરી જગત અખીલ. ૧૧

હરિગીત છંદ.

પ્રસર્યો અખિલ અવની વિષે યશ ઠામ ઠામ પ્રસિદ્ધ છે,
સદગ્રંથ પંથ ઇનામ આપી પ્રગટ પુષ્કળ કીધ છે;
કીધા નિરાશ્રિત ફંડ દીધા દાન અણ અધારજી[5],
અહનીશ[6] રહેજો ઈશ! ખુશિ અવનીશ[7]રા'ઍંગારજી. ૧૨
જે રાજનીત પુનીત[8] પ્રીત સુરીતથી રંજિત[9] રહી,

---

૧ ખુશી-સારી ખુશીથી. ૨ કવિઓના મોઢા રૂપી ગૌમુખી ગંગા. ૩ પાણી. ૪ રાત્રી. ૫ નિરાધાર માણસોને. ૬ દિવસ રાત. ૭ રાજા-પૃથ્વિપતિ. ૮ પવિત્ર. ૯ ખુશી.

સર્વત્ર પુત્ર સમાન ગણીને નિજ પ્રજા પાળે સહી;
લવલેશ ક્લેશ ન, બેશ બંદોબસ્ત બાંધ્યા સારજી,
અહનીશ રહેજો ઇશ! ખુશિ અવનીશ રા'ખેંગારજી. ૧૩
કીધા પ્રવાસો પૂર્ણ પૃથવી[1] પંથ તેમ પયોધિયે,[2]
વિચર્યા વિલાયત આદિ દેશજ બેશ કેટલા શોધિયે?
તે કાવ્યકેરા ગ્રંથ કવિએ[3] કીધ કોડ અપારજી,
અહનીશ રહેજો ઇશ! ખુશિ અવનીશ રા'ખેંગારજી. ૧૪
વળી અન્ય દેશોની અનંત સુનીતિ લઇ નિજ રાજમાં,–
દાખલ કરી દિલમાં ધરી પરિપૂર્ણ રાજસમાજમાં;
શુભ પદવીઓ સન્માનની દીધી ઘણી સરકારજી,
અહનીશ રહેજો ઇશ! ખુશિ અવનીશ રા'ખેંગારજી. ૧૫

દોહરો.

કલ્પતરૂ કવિયોતણા, રૈયતના પિતુમાત;
શઠના તો હઠ તોડવા, શત્રુ રૂપ સાક્ષાત. ૧૬

છંદ ભુજંગી.

વિભો વિશ્વવ્યાપી! પ્રતાપી કૃપાળુ!
સુણો વેણ મારૂં વિના ગર્વવાળું;
ચહેછે ચિતે ચોંપથી દેશ આખો,
મહારાજ ખેંગારજી સુખી રાખો. ૧૭

---

૧ પૃથ્વી. ૨ સમુદ્ર–માર્ગે. ૩ "કચ્છ ભૂપતિ પ્રવાસવર્ણન" એ નામનો કાવ્ય ગ્રંથ કવિ શિવલાલ ધનેશ્વરે રચ્યો છે.

બનીને કૃપાળા કરી વૈદ્યશાળા,
રચી ગ્રન્થશાળા લિયે બોધ બાળા;
સદા છે સુખાળા જનો જેથી લાખો,
મહારાજ ખેંગારજી સુખીં રાખો. ૧૮
કર્યાં છે ઘણાં પુસ્તકાગાર[1] સારાં;
રચાવ્યાં નવાણો તૃષા ટાળનારાં;
કહે લોકને લોક-"છે ધન્ય ભાખો,"
મહારાજ ખેંગારજી સુખીં રાખો. ૧૯
પ્રભા[2] જેમની સૂર્ય જેવી પ્રકાશે,
ઠગો તસ્કરો રૂપ ઉલ્લૂક[3] નાશે;
અરી[4] જૂથ[5] ઇંદુ[6] પડે જોઇ ઝાંખો.
મહારાજ ખેંગારજી સુખીં રાખો. ૨૦
સદા દેશ વિદેશમાં કીર્તિ જામો,
વળી રાવનો વંશ વિસ્તાર પામો;
"જિયેરા[7]! જિયેરા"! સદા સર્વ દાખો,
મહારાજ ખેંગારજી સુખીં રાખો. ૨૧
વધે દેશ વિદ્યા કળા તો વિશેષે,
સદા નિર્મળો ન્યાય ફેલાય દેશે;
કૃતિના ફળો ચાડિયા ચોર ચાખો,
મહારાજ ખેંગારજી સુખીં રાખો. ૨૨

---

૧ પુસ્તકશાળા-લાયબ્રેરી. ૨ કાંતિ. ૩ ઘૂવડ. ૪ દુશ્મન. ૫ ટોળું-સમૂહ-જથ્થો. ૬ ચંદ્રમા. ૭ જીવો રાવ! જીવો રાવ!

દોહરો.

હંસ,[1] સુધાનિધિ,[2] વારિનિધિ,[3] જ્યાંલગી ગંગ, ગિરીશ;[4]
ચિરંજીવ ત્યાં લગી રહો, ખુદ ખેંગાર મહીશ. ૨૩

સવૈયા એકત્રીશા.

દીનદયાળ દિનેશ[6] દયાનિધિ! દિલમાં દયા ધરીને આજ,
સુખ સંપતિ ને શાંતિ સર્વદા કચ્છપતિને આપો મહારાજ;
દિનદિન અધિક પ્રતાપ વધે ને વધે સદા કુળનો વિસ્તાર,
ખુશી થઇ ખેંગારરાવને જય આપો જગદીશ! અપાર. ૨૪
રૈયતનું હિત કરવા જેને સદા રહેછે મનમોઝાર,
વિવિધ પ્રકારે વાંછિત સુખ જે આપછે અધિપતિ આવાર;
કુવા, તળાવો સેતુ[7] બાગ ને પુસ્તકશાળા કરી નિરધાર,
ખુશી થઇ ખેંગારરાવને જય આપો જગદીશ! અપાર. ૨૫
નિર્મળ ન્યાય સદાય મળેછે, દુખ નહિ દેશવિષે લવલેશ,
ચોરી ચાડી ચિતથી ટાળે તસ્કર ઠગને ત્રાસ વિશેષ;
નિજ નિજ ધંધે વળગી લોકો ચોખ્ખો ચહે ચિતથી વ્યવહાર,
ખુશી થઇ ખેંગારરાવને જય આપો જગદીશ! અપાર. ૨૬
"ખમા ખમા ખેંગાર નૃપતિને" વદતા જન મન બની મુદિત,
જેના અમલ વિષે જન સર્વે વસે અહોનિશ થઈ અભીત;
શામધર્મી છે જેની રૈયત વિચરી વિદેશ કરે વ્યાપાર,
ખુશી થઇ ખેંગારરાવને જય આપો જગદીશ! અપાર. ૨૭

---

૧ સુર્ય. ૨ ચંદ્ર. ૩ સમુદ્ર. ૪ હિમાલય, શંભુ ૬ પરમેશ્વરને સૂર્યની ઉપમા છે. ૭ પુલ.

ગીતિ.

ગુણ, ગુણિના છે જ્ઞાતા, દીનજનોના પિતા વળી ભ્રાતા;
પૂરણ શશિ[1] સોહાતા, ચકોર[2] ગુણિજન ચિતે થકી ચા'તા. ૨૮

મંદાક્રાંત છંદ.

નીતિ જેને નિપુણ સમજી, આપ અંગે વરી છે;
વાણિ[3] જેણે વિવિધ શ્રમથી, આપ અંગે ધરી છે;
સોહે[4] સારા સકળ ગુણના, આપ ભંડાર રૂપ,
મોહે પ્યારા નિરખી ગુણિ જે, ખૂબ ખેંગાર ભૂપ. ૨૯

મત્તગયંદ-સવૈયો.

વાસ પ્રવાસ અનેક સ્થળે કરી પૂરણ જેહ ગિરાગુણ[5] પામ્યા,
જેને કૃપાથી અનેક જનો દુખ દારિદ[6] વારિ[7] બહુ વિધિ વામ્યા;
ગર્વ રહિત સુસર્વ જનો પ્રતિ દેશ વિદેશમહીં જશ જામ્યા,
ભૂપતિ તેહ ખેંગારતણા ગુણગાન સઊકવિયો ન વિરામ્યા.[8] ૩૦

માહારાજ યુવરાજ કુમાર શ્રી માધુભા સાહેબ વિષે.

હરિગીત છંદ.

પ્રિય ગણી સુધારસ[9] પાન સમ પોતે ભણે છે પ્રીતથી,

---

૧ સોળ કળાનો પૂર્ણ ચંદ્ર. ૨ ગુણીજનો રૂપ ચકોર પક્ષી. ૩ સરસ્વતિ. ૪ શોભે. ૫ સરસ્વતિનો ગુણ. ૬ દરિદ્ર, ૭ દરિદ્ર દુઃખ રૂપ પાણી. ૮ જેના ગુણોનું ગાયન કરતાં કવિ લોકો વિરામ-વિશ્રામ પામતા નથી,-સતત ગાયાજ કરેછે, અર્થાત જેના સદ્દગુણો અપાર છે. ૯ અમૃત રસ સમાન ગણીને જે વિદ્યાને પી જાય છે.

વળી સઘ તેનો અર્થ સમજે આપ રૂડી રીતથી;
કસરત કરેછે કોટિધા વળિ મલ્લવિદ્યા દ્વંદથી,
યુવરાજ **માધુભા** જીવો દિન દિન અધિક આનંદથી. ૩૧

નામદાર કુમારશ્રી કરણજી સાહેબ વિષે.

દોહરા.

વિદેશમાં[1] વિદ્યા ભણી, કર્યા વિદેશ પ્રવાસઃ
નૃપ–ભ્રાતા એવા કરણ, ધરણ સુકીર્તિ સુવાસ. ૩૨
મહારાણી વિકટોરિયા, જે છે સદ્‌ગુણ જાણ;
આપ્યું પદ "સી૦ આઇ૦ ઇ૦", રાજ્ય સુમિત્ર પ્રમાણ. ૩૩

ગરબી પહેલી.[2]

("સુંદરબાઇ ચાલ્યા સાસરિયે,
માબાપ શિખામણ દે છે, બેન—
લાજ વધારજો લાખેણી." એ રાગ.)

જેને કહીએ કચ્છાધીશ ભલા,
જે સદગુણી પણ છે સારા; રાવ–
ખુશી સદા ખેંગાર રહો; (એ ટેક.)
જેણે કર્યાં પ્રજાહિત કામ ઘણાં,

---

૧ રાજકોટ રાજકુમાર કોલેજમાં અભ્યાસ કરવા પધાર્યા હતા.

૨ કન્યાશાળાઓના ઉપયોગ માટે ખાસ બનાવીને આ બે ગરબીઓ આ નવી આવૃત્તિમાં દાખલ કરી છે.

તેને પ્રભુ પણ છે બહુ પ્યારા. રાવ—ખુશી સદા૦ ૩૪
જેણે દીન જનોનાં દુઃખ હણ્યાં,
વધી કીર્તિ દેશ વિદેશે; રાવ— ખુશી સદા૦
નિજ દેશ નિરાશ્રિત ફંડ કર્યું,
કરી વિદ્યાવૃદ્ધિ વિશેષે. રાવ— ખુશી સદા૦ ૩૫
છે "સવાઇ બહાદુર" શુભ પદવી,
વળી વિલાયતે વિચરીઆ; રાવ— ખુશી સદા૦ ૩૬
જી૦ સી૦ આઇ૦ ઈ૦ પદવી પામ્યા,
ભડ ભૂપતિ ઉત્તમ દરિયા. રાવ— ખુશી સદા૦ ૩૬
ભલી ભાષા અંગ્રેજી ભણીઆ,
ફારસીમાં પણ છે ફાવ્યા. રાવ— ખુશી સદા૦
જે અદલ સદા ઇનસાફ કરે,
ભલી વિધે પ્રજાને ભાવ્યા. રાવ— ખુશી સદા૦ ૩૭
પ્રિય જાણી પ્રજાને પાળે છે,
સહુ પ્રજા પિતા સમ માને; રાવ— ખુશી સદા૦
કવિઓએ બહુ કવિતા કીધી,
જશ લખિયા પુસ્તક પાને. રાવ— ખુશી સદા૦ ૩૮
જેના ભાઈ કરણજી શુભ કહીએ,
છે રામને લક્ષ્મણ જોટો; રાવ— ખુશી સદા૦
માધુભા કુંવર મહા ગુણી છે,
જે મનાય પાટવી મોટો. રાવ— ખુશી સદા૦ ૩૯
ભલા **માનુભા** તેના ભાઈ,

જદુકુળ એ જન સહુ જાણે; રાવ—ખુશી સદા૦
જશ ભારતમાં ભલોં વિધ લખીઆ,
જે વેદવ્યાસ વખાણે. રાવ— ખુશી સદા૦ ૪૦
આ ભરતખંડમાં ભૂપતિઓ,
નથોં અનાદિ કુળના એવા; રાવ—ખુશી સદા૦
જીવરામ દિલે ઉત્સાહ ધરે,
આશિષ અહોનિશ દેવા. રાવ— ખુશી સદા૦ ૪૧

ગરબી બીજી.

"રઘુપતિરામ હૃદયમાં રે'જોરે"—એ રાગ.

પ્રજાપતિપાળ ખેંગારજી છેરે,
જેની કીર્તિ જગતમાં ઘણી છે,–પ્રજા પ્રતિપાળ૦ (એટેક.)
અતિ રૈયતનાં હિત કીધાં રે,
દાન દીન જનોને દીધાંરે;
જેણે બિરદ[1] બહુ વિધિ લીધાં.–પ્રજા પ્રતિપાળ૦ ૪૨
આશા રાખી ગુણી જનો આવેરે,
તે તો ભૂપતિને મન ભાવેરે;
સારૂં માન પામીને સિધાવે,- પ્રજા પ્રતિપાળ૦ ૪૩
શાળા[2] કવિઓ તણી જ્યાં છે સારીરે,

---

૧ ઇલકાબ. ૨ "મહારાજા મહારાવ શ્રી લખપતજી વ્રજભાષા પાઠશાળા." એમાં દરેક વિદ્યાર્થીને ખાવાનું આપીને મફત કેળવણી આપવામાં આવે છે. તેથી ગુજરાત, કચ્છ, કાઠિયાવાડ, મારૂવાડ

કવિ કાવ્ય શીખે સુખકારીરે;
તેથી ભૂપનો જશ વધ્યો ભારી,–પ્રજા પ્રતિપાળ૦ ૪૪
પોતે વિદ્યા ભણ્યા ભલી રીતેરે,
તેથી વિદ્યા વધારે છે પ્રીતેરે,
વિદ્વાન ચાહેછે ચિત્તે,–પ્રજા પ્રતિપાળ૦ ૪૫
જેની પાસે પ્રવીણ પ્રધાનોરે,
વિવેકી ને વળી વિદ્વાનોરે;
ગાયેછે ગુણી જન ગુણ ગાનો,– પ્રજા પ્રતિપાળ૦ ૪૬
રાજ્ય છે રામ રાજ સમાનરે,
સાચવે ભૂપ થઇ સાવધાનરે;
આપે અંગ્રેજ સરકાર માન,– પ્રજા પ્રતિપાળ૦ ૪૭
ભુજનગર ભલી રાજધાનીરે,
સર્વ જનને મહા સુખદાનીરે;
વસેછે જ્યાં ગુણીજન જ્ઞાની,– પ્રજા પ્રતિપાળ૦ ૪૮
આપે ઇશ્વર સુખ અને શાંતિરે,
ભાગે સરવ પ્રકારની ભ્રાંતિરે;
જીવરામ કહે વધે કાંતિ,
પ્રજા પ્રતિપાળ **ખેંગારજી** છેરે. ૪૯

ઇત્યાદિ દેશોથી પુષ્કળ ભાટ ચારણો વગેરે વિદ્યાર્થીઓ ભણવા આવે છે, ભણી રહ્યા બાદ દરબાર શ્રી તરફથી તેમને યોગ્ય પોષાક-બક્ષિશ પણ આપવામાં આવે છે. આવી શાળા અસલથી માત્ર કચ્છમાંજ છે.

આશિર્વાદ.

શાર્દૂલવિક્રિડિત છંદ.

અંજન્યાત્મજ[1] અદ્રિપુત્રી[2] સુત[3] તે, ટાળો સદા આપદા,
વાતારી[4] અરિ[5] સ્વામીના[6] જનક[7] તે, સોંપો સદા સંપદા;
શ્રૃંગીશત્રુ[8] સમર્થ સર્વ સ્થળમાં, ભૂમી કરો તુષ્ટ તે,
આપો નિત્ય અભિષ્ટ[9] કચ્છપતિને, જે ઇશ્વરી[10] ઇષ્ટ તે. ૫૦

વસંતતિલકા છંદ.

સાથે રહોજ નવ[1] આઠ[2] સહાય સારી.
સાતે[3] કરોજ મુખ ગાયન કીર્તિ તારી;
બો'તેર[4] ચૌદ[5] તવ અંતર માંહી જામો,
ખેંગાર ભૂપ મુખ-કાંતિ સુસોળ[6] પામો. ૫૧

માલિની છંદ.*

અચળ સદન માંહી, અબ્ધિપુત્રી[1] રહેજો;
વિજય સતત સારા, ચંડિકા દેવી દેજો,
વદન કમળ માંહી, વાણિ[2] સારી વસોજી,
અચળ ચિત પ્રભુના, પાવથી ના ખસોજી. ૫૨

---

૫૦. ૧ અંજનીના પુત્ર હનુમાન. ૨ પાર્વતિ. ૩ ગણપતિ. ૪ સર્પ. ૫ મોર. ૬ કાર્તિક સ્વામી. ૭ શિર. ૮ પર્વતોનો શત્રુ ઈંદ્ર. ૯ ઈચ્છેલું. ૧૦ મહંમાયા-કુળદેવી (મોમાય).

૫૧. ૧ નવનિદ્ધિ. ૨ આઠ મહાસિદ્ધિ. ૩ સંગીતના સાતસ્વર. ૪ કળા. ૫ વિદ્યા. ૬ કળા.

*આ છંદમાં પ્રથમ પૃષ્ઠ ઉપર મૂકેલા શ્લોકનો ભાવાર્થ છે.

૫૨. ૧ સમુદ્રની દીકરી-લક્ષ્મી. ૨ સરસ્વતી.

ઇંદ્રવિજય છંદ.

શેષ[1] સુરેશ[2] મહેશ ગણેશ વ્રજેશ[3] બનો મુદ મંગળદાતા,
એશ ધનેશ[4] દિયો ધન કોષ કવેશ-દિનેશ[5] રહો ગુણ ગાતા;
દેશ વિદેશ વિશેષ જશો પરમેશ કરો જગમાં પ્રસરાતા,
દેવ નિશેશ[6] તણા કુળદીપ નરેશ ખેંગાર લહો સુખશાતા. ૫૩

ગીતિ.

યદુકુળ ભૂષણ નૃપતિ, શ્રીખેંગારજી પ્રતાપિ પૂરા છે;
નૃપનીતિ* કૃતિ ન્યાયે, યુદ્ધકળામાં સદાય શૂરા છે. ૫૪

કવિત્ત-છંદમનહર.

સદ્ગુણ નિધાન, શુભ જ્ઞાનતણા જાણ સારા,
અતિ બુદ્ધિમાન જશ ઝાહિર મહાન છે;
વિદ્યામાં નિપૂણ સાર, પામે નહિ પાર કોઇ,
વાણી રૂપી સરિતાના, સિંધુની સમાન છે;
શીળવાન, ધર્મવાન, દ્રઢવ્રત પ્રેમવાન,
જગમધ્ય એવા કોઇ વિરલા સુજાણછે;
કચ્છના નરેંદ્રરાવ ભૂપતિ ખેંગારસિંહ,
પૂરણ પ્રતાપ આપ ચંદ્રકુળ-ભાણ છે. ૫૫

સમાપ્ત.

---

૫૩. ૧ શેષનાગ. ૨ ઈંદ્ર. ૩ શ્રીકૃષ્ણ. ૪ કુબેરભંડારી. ૫ મહાન કવિઓમાં સૂરજજેવા તે. ૬ ચંદ્ર, તેના વંશના *રાજનીતિ. ૭ અંગ્રેજી, ફારસી, સંસ્કૃત વગેરે ભાષાઓ રૂપ નદીઓ જેના અંતઃકરણ રૂપ સમુદ્રને મળે છે.

કાવ્યકુળાધર-કળા પહેલી—એમાં મારી બનાવેલી ગૂજરાતી કચ્છી તથા હિંદુસ્તાની ભાષાની કવિતાઓ સમાવી છે. જેમાંની ઘણી ખરી તો બુદ્ધિપ્રકાશ વગેરે માસિકોમાં છપાવેલી છે. એ પુસ્તકમાં નીચે પ્રમાણે છ વિષયો છેઃ-

(૧) ઇશ્વર સ્તુતિ અને ઉપદેશ; (૨) કવિતા અને કીર્તિ; (૩) પાદપૂર્તિઓ; (૪) પ્રસ્તાવિક કવિતા; (૫) પ્રેમ અને શૃંગાર; (૬) જન પ્રશંસા અને ચિત્રકાવ્ય. કિંમત રૂા. ૦॥ પોરટેજ)૦॥.

મેધાડમ્બર-(કવિ શ્રી ઉન્નડજીકૃત) મૂળ હિંદુસ્તાની કવિતામાં તેજ પ્રમાણેની ગુજરાતી ટીકા સહિત.-વરસાદ સંબંધીનું સુધરેલી રીતે ભવિષ્ય કહેનારૂં પુસ્તક. પહેલી આવૃત્તિ ખપી જવા થી બીજીની અરધો અરધ ઘટાડેલી કિં૦ રૂા. ૦ પો.)૦॥

મોજદીનમહેતાબ-(કવિ શ્રી ઉદયરામ કૃત) એ અદ્ભૂત પ્રેમ અને ન્યાયના દર્શનવાળી શૃંગારરસની ઉત્તમ વાર્ત્તા—મૂળ હિંદુસ્તાની દોહરા અને ગૂજરાતી ટીકાના સંપૂર્ણ વિસ્તારવાળી છે. કિંમત રૂા. ૦ પો.)૦॥

પ્રેમપંચોતરી-એટલે " પ્રેમનિરૂપણ લઘુકાવ્ય.-એમાં ઉત્તમ પ્રેમ સંબંધી ઘણું સૂક્ષ્મ વિવેચન કરેલું છે. તેમાંનો કેટલોક ભાગ "ચંદ્ર" નામના માસિકમાં મારા તરફથી પ્રસિદ્ધ થયેલો છે. વિદ્વાનો તેની બહુ તારીફ કરે છે. અને એક ઉદાર ગૃહસ્થે તેમાંના થોડાક સવૈયા સાંભળીને તેનું તમામ છપામણી ખર્ચ આપ્યું છે. (કિં. રૂા. ૦ પો. ૦)૦॥

દાદાભાઈ સ્તોત્ર. ભરતખંડના પહેલા એમ૦ પી૦ (પાર્લામેંટના મેંબર) નામદાર શેઠ દાદાભાઇ નવરોજજીના આગમન પ્રસંગે જૂદા જૂદા છંદોમાં તેમનું વર્ણન અને સ્તુતિ કરેલી છે. આ ગ્રંથ પણ એક ઉદાર ગૃહસ્થની ખાસ ફરમાસથી રચાયો અને છપાયો છે. કિંમત ૦)= પો. ૦)૦॥

જાહેર ખબર.

અમારાં પુસ્તકોની કિંમત, પોસ્ટેજ તથા મળવાનાં ઠેકાણાં:—

	કિંમત	પોસ્ટેજ
	રૂ. આ.	આ. પા.
૧ વાર્તાવિનોદ પ્ર. દ.	૧—૮	૧—૦
૨ વાર્તાવિનોદ દ્વિ. દ.	૧—૦	હવે પછી
૩ લાખો ફુલાણી.	૧—૮	”
૪ ભગવત પિંગળ	૧—૦	૧—૦
૫ ખુશબોકુમારી. (આવૃત્તિ બીજી)	૦—૮	૧—૦
૬ કાવ્ય કળાધર—કળા૧ લી.	૦—૮	૦—૬
૭ મેઘાડમ્બર. (આવૃત્તિ બીજી)	૦—૪	૦—૬
૮ મોજદીન મહેતાબ. (વાર્તા.)	૦—૪	૦—૬
૯ પ્રેમ પંચોતરી.	૦—૪	૦—૬
૧૦ દાદાભાઇ સ્તોત્ર.	૦—૨	૦—૬
૧૧ કાવ્યકળાધર—કળા બીજી	૦—૮	હવે પછી
૧૨ મોજદીન મહેતાબ (નાટક)	૦-૬	”

મળવાનાં ઠેકાણાં—**મુંબાઇ**-પંડિત જેષ્ઠારામ અને મિ. વસનજી પરમાનંદ ચાહેવાળા; **અમદાવાદ** આર્યોદય પ્રેસ; **સૂરત** એમ. જે. પોસ્ટવાળા—ખુદાબક્ષ પ્રેસ; **કચ્છ—માંડવી** નાગોરી ચાંપસી ખીમરાજ અને વોરા તૈયબજી મુલ્લાંમામદભાઇ; **ભુજનગર** ઉપાધ્યાય—હરિરામ અને અમારી પાસેથી તથા **રાજકોટ**—મુ. સે. બેચર મેઘજી પાસેથી રોકડી કિંમતે મળશે. સામટાં ખરીદનારને ૨૦ ટકા કમીશન.

કચ્છ—ભુજનગર
તા. ૧—૩—૯૪

જીવરામ અજરામર ગોર.
વાર્તાવિનોદ બુ. ના કર્તા.